**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 08 નવેમ્બર 2016

**રૂપિયા 2000 ની બેન્કનોટો જારી કરવી: RBI રૂપિયા 2000 ની બેન્કનોટો ઈસ્યુ કરે છે.**

ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં રૂપિયા 2000 ના મૂલ્ય વર્ગની બેન્કનોટો મહાત્મા ગાંધી (નવી) શ્રેણીમાં બહાર પાડશે જે અંદર મૂકેલા અક્ષર સિવાયની, ડૉ. ઉર્જિત આર. પટેલ, ગવર્નર, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સહી ધરાવતી તથા બેન્કનોટની પાછળ છપામણીનું વર્ષ “2016” છપાયેલી હશે. નવા મૂલ્ય વર્ગની પાછળની બાજુ દેશના આંતરગ્રહીય અન્તરિક્ષમાંના પ્રથમ સાહસને દર્શાવતા મંગળયાન ની થીમ છે. નોટ નો આધાર રંગ કીરમજી (magenta) છે. નોટની આગળ અને પાછળ બંને બાજુએ સમગ્ર રંગયોજના સાથે ગોઠવણી કરીને અન્ય ડીઝાઇન, ભૌમિતિક રચનાઓ છે.




બેન્કનોટોના વિશેષ લક્ષણો નીચે પ્રમાણે હશે:

<u>આગળ</u>

1. રજીસ્ટર માંથી જોતાં મૂલ્યવર્ગનો આંકડો 2000
2. મૂલ્યવર્ગના આંકડા 2000 સાથેની સુપ્ત ઈમેજ
3. મૂલ્યવર્ગનો આંકડો 2000 દેવનાગરીમાં
4. મધ્યમાં મહાત્મા ગાંધી ની પ્રતિકૃતિ

<u>આગળ</u>

9. જમણી તરફ અશોક સ્તંભ નું પ્રતિક

   મહાત્મા ગાંધી ની પ્રતિકૃતિ અને ઇલેક્ટ્રોટાઇપ (2000) વોટરમાર્ક
10. ડાબી તરફ સૌથી ઉપર અને જમણી તરફ નીચે નાના થી મોટા થતા

<u>પાછળ</u>

13. ડાબી તરફ નોટ છપામણી નું વર્ષ
14. સૂત્ર સાથેનો સ્વચ્છ ભારત લોગો
15. મધ્ય તરફ ભાષા પેનલ
16. મંગળયાન ની થીમ

5. બેન્કનોટ ની ડાબી બાજુ સુક્ષ્મ અક્ષરો, ‘RBI’ અને ‘2000’
6. ‘भारत’, RBI અને 2000 ના લખાણો (Inscription) સાથે windowed સુરક્ષા થ્રેડ બદલતા રંગ સાથે. જ્યારે નોટને ઊંચી કરવામાં આવે ત્યારે થ્રેડનો રંગ લીલામાંથી વાદળી બદલાય છે.
7. ગેરંટી ક્લોઝ, વચન ક્લોઝ, સાથે ગવર્નર ની સહી અને જમણી તરફ RBI નું પ્રતિક
8. નીચે જમણી તરફ મૂલ્યવર્ગ નો આંકડો રૂપિયાના ચિન્હ સાથે, રૂપિયા 2000 રંગ બદલતી શાહી માં (લીલા માંથી વાદળી)

આંકડાઓ સાથે ની નંબર પેનલ

નબળી દ્રષ્ટિવાળા માટે

મહાત્મા ગાંધી ની પ્રતિકૃતિ, અશોક સ્તંભ, બ્લીડ લાઈન્સ તથા ઓળખ ચિન્હોનું Intaglio (નકશીદાર) અથવા ઉપસેલું છાપકામ

11. જમણી બાજુ રૂપિયા 2000 ના ઉપસેલા પ્રિન્ટ સાથે આડો લંબચોરસ
12. જમણી અને ડાબી બાજુ પર ઉપસેલા પ્રિન્ટમાં સપ્ત કોણીય બ્લીડ લાઈનો

17. મૂલ્યવર્ગ આંકડો 2000 દેવનાગરીમાં

બેન્કનોટ નું પરિમાણ / કદ 66 mm x 166 mm રહેશે.

અલ્પના કીલાવાલા
પ્રધાન સલાહકાર

પ્રેસ પ્રકાશન: 2016 – 2017/1144